


**Let your life be**
**a constant search**
**for the Truth and**
**it will be worth living.**

**- The Mother**

તમારું આખું જીવન
એક પરમ સત્યની સતત શોધ
બની રહેવું જોઈએ, અને એ
જીવન જીવવા જેવું રહેશે.

- શ્રી માતાજી

From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨. ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • March 2017

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2017**
MARCH
૧ માર્ચ ૨૦૧૭

## જીવન - ક્રમવિકાસ

## Life - Evolution




**Life is meant for seeking the Divine,**
**Life is realised when finding the Divine.**

[ February 1971: The Mother gave this special message for *Prosperity* ]

જીવન છે પ્રભુને શોધવા માટે,
જીવનની સિદ્ધિ બને છે પ્રભુ મળે છે ત્યારે.

[ ફેબ્રુઆરી ૧૯૭૧: સિદ્ધિ રિદ્ધિ માટે શ્રી માતાજીએ આપેલો ખાસ સંદેશ ]

- શ્રી માતાજી

**If there is** an evolution in material Nature and if it is an evolution of being with consciousness and life as its two keyterms and powers, this fullness of being, fullness of consciousness, fullness of life must be the goal of development towards which we are tending and which will manifest at an early or later stage of our destiny. The self, the spirit, the reality that is disclosing itself out of the first inconscience of life and matter, would evolve its complete truth of being and consciousness in that life and matter. It would return to itself – or, if its end as an individual is to return into its Absolute, it could make that return also, – not through a frustration of life but through a spiritual completeness of itself in life. Our evolution in the Ignorance with its chequered joy and pain of self-discovery and world discovery, its half fulfilments, its constant finding and missing, is only our first state. It must lead inevitably towards an evolution in the Knowledge, a self-finding and self-unfolding of the Spirit, a self-revelation of the Divinity in things in that true power of itself in Nature which is to us still a Supernature.

- Sri Aurobindo

**'The Life Divine'**
**the very last paragraph –**

**જડ પ્રકૃતિમાં જો** ક્રમવિકાસની ક્રિયા થઈ હોય અને એ વિકાસ તે ચેતના અને જીવન રૂપી બે ચાવી જેવાં તત્ત્વો અને શક્તિઓ ધરાવતા કોઈ સત્ તત્ત્વનો વિકાસ હોય, તો સત્ તત્ત્વની આ પ્રફુલ્લિતતા, ચેતનાની પ્રફુલ્લિતતા, જીવનની પ્રફુલ્લિતતા એ આ ક્રમવિકાસનું લક્ષ્ય હોવું જોઈએ.

એ વિકાસ તરફ આપણે જઈ રહ્યા છીએ અને મોડી કે વહેલી એ વસ્તુ આપણા ભાવિના કોઈ તબક્કામાં પ્રગટ થશે.

જીવન અને જડતત્ત્વની પહેલી અચેતનતામાંથી જે આત્મા, જે દિવ્ય તત્ત્વ, જે વાસ્તવિકતા પોતાનું સ્વરૂપ પ્રગટ કરી રહી છે તે એ જીવન અને જડતત્ત્વમાં સત્ રૂપનું અને ચેતનાનું સંપૂર્ણ સત્ય પ્રગટ કરશે.

એ પરમ તત્ત્વ પોતાના સ્વરૂપને પાછું પ્રાપ્ત કરશે, – અથવા, વ્યક્તિ તરીકેનો તેનો અંત તેના નિરપેક્ષ કેવળ તત્ત્વમાં પાછા ફરવાનો હશે, તો તેવું પુનર્ગમન પણ તે કરી શકશે, – પણ એ પુન:પ્રાપ્તિ તે જીવનની નિષ્ફળતામાં થઈને નહિ પરંતુ જીવનમાં પોતાની એક આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત કરીને કરશે.

અજ્ઞાનમાં આપણો જે ક્રમવિકાસ થયો છે
તેમાં આત્માની ખોજ અને જગતની ખોજના સુખ
દુ:ખના જે વારાફેરા માણસે જોયા છે,
એમાં જે અર્ધ સફળતાઓ, અને સતત શોધ અને
હાનિ એણે અનુભવ્યાં છે,
એ તો ફક્ત આપણી પ્રાથમિક અવસ્થા છે.

એને પરિણામે અનિવાર્યપણે જ્ઞાનમાં આપણો ક્રમવિકાસ થવો જોઈએ,
દિવ્ય તત્ત્વે પોતાની જાતની શોધ મેળવવી જોઈએ,
પોતાનો સ્વ-વિકાસ સાધવો જોઈએ,
સર્વમાં રહેલી દિવ્યતાનો આત્મ-આવિષ્કાર આપણા
માટે જે હજી પરાપ્રકૃતિ રૂપે રહેલી છે તે
પ્રકૃતિમાં આવેલી તેની પેલી સાચી શક્તિની
અંદર થવો જોઈએ.

- શ્રી અરવિન્દ

**અનુ. અંબાલાલ પુરાણી**
**'દિવ્ય જીવન'- છેક છેલ્લો ફકરો.**